ગાંધીનગર સમાચાર

## હિટ એન્ડ રનનો ઘટનાક્રમ

મુંબઈ,તા.૬

સુપર સ્ટાર સલમાન ખાનને પાંચ વર્ષની જેલની સજા આજે ફટકારવામાં આવી હતી. જેથી સમગ્ર બોલીવુડને મોટી પીછેહઠનો સામનો કરવો પડ્યો હતો. સમગ્ર કેસમાં વિસ્તૃત ઘટનાક્રમ નીચે મુજબ છે.

- ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ : સલમાનની લેન્ડક્રુઝર ગાડી બાંદરામાં અમેરિકન બેકરીમાં ઘુસી ગઇ હતી અને એકનું મોત થયું હતું અન્ય ચાર ઘાયલ થયા હતા. અભિનેતાની એજ દિવસે ધરપકડ થઇ હતી પરંતુ જામીન મળી ગયા હતા
- ઓક્ટોબર ૨૦૦૨ : પોલીસ દ્વારા સલમાન સામે હત્યા તરફ દોરી જતાં આરોપો પણ મુકાયા હતા
- મે ૨૦૦૩ : સલમાને તેની સામે કરાયેલા આક્ષેપોને સેશન કોર્ટ સમક્ષ અરજી કરીને પડકાર ફેંક્યો હતો. અલબત્ત કોર્ટે તેની અરજીને ફગાવી દીધી હતી.
- જૂન ૨૦૦૩ : મુંબઈ હાઈકોર્ટે હત્યા સાથે સંબંધિત આરોપો પડતા મુક્યા હતા. ત્યારબાદ તેની સામે બેદરકારીથી ડ્રાઈવિંગ અને ગેરઈરાદે હત્યાનો મામલો આગળ વધ્યો હતો
- ઓક્ટોબર ૨૦૦૩ : રાજ્ય સરકારે ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમે બંને આદેશોને ફગાવી દઈને કહ્યું હતું કે, મેજિસ્ટ્રેટે પુરાવાઓને ધ્યાનમાં લેવા જોઈએ
- ૨૦૦૬ : આઈપીસીની કલમ ૩૦૪ હેઠળ સલમાન ખાન સામે આરોપો ઘડવામાં આવ્યા હતા જેમાં બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ અને અન્ય કલમો લગાવાઈ હતી
- ઓક્ટોબર ૨૦૦૭ : કેસમાં મુખ્ય સાક્ષીઓ કોન્સ્ટેબલનું મોત થયું હતું
- માર્ચ ૨૦૧૧ : પ્રોસીક્યુશને એવી રજૂઆત કરી કે, સલમાન સામે કલમ ૩૦૪ના ગંભીર આરોપ હેઠળ ખટલો ચલાવવો જોઈએ
- ડિસેમ્બર ૨૦૧૨ : કોર્ટે નવી કલમ ઉમેરી અને સેશન કોર્ટમાં ટ્રાયલ શરૂ કરી
- ૨૩મી જુલાઈ ૨૦૧૩ : મુંબઈની સેશન કોર્ટે સલમાન સામે આરોપો ઘડ્યા હતા. જેમાં ગેરઈરાદે હત્યાના મામલામાં કલમો લગાવાઈ હતી
- ૧૯મી ઓગસ્ટ ૨૦૧૩ : આ કેસને નવા જજને એ વખતે સોંપી દેવાયો હતો
- ૧૯મી નવેમ્બર ૨૦૧૩ : સલમાને સેશન કોર્ટ સમક્ષ નવેસરથી ટ્રાયલ માટેની રજૂઆત કરી હતી
- ૫મી ડિસેમ્બર ૨૦૧૩ : નવેસરથી ટ્રાયલ માટેનો આદેશ કરવામાં આવ્યો હતો
- ૩૦મી માર્ચ ૨૦૧૫ : સલમાનના ડ્રાઈવર અશોકસિંહે કહ્યું હતું કે, બનાવના દિવસે ડ્રાઈવિંગ કરનાર તે પોતે હતો. સલમાન ખાન ડ્રાઈવિંગ કરી રહ્યો ન હતો
- પહેલી એપ્રિલ ૨૦૧૫ : પ્રોસીક્યુશન દ્વારા અંતિમ દલીલોનો સુનાવણી શરૂ થઈ
- ૯મી એપ્રિલ ૨૦૧૫ : તમામ પ્રોસીક્યુશન દલીલોને પૂર્ણ કરી લેવામાં આવી
- ૧૦મી એપ્રિલ ૨૦૧૫ : ડિફેન્સ વકીલે કોર્ટ સમક્ષ તેમના પક્ષની રજૂઆતો કરી
- ૨૦મી એપ્રિલ ૨૦૧૫ : ડિફેન્સ તરફથી દલીલો પરિપૂર્ણ કરી લેવાઈ
- છઠ્ઠી મે ૨૦૧૫ : સલમાનને મુંબઈની સેશન કોર્ટે દોષિત ઠેરવીને પાંચ વર્ષની જેલની સજા કરી
- છઠ્ઠી મે ૨૦૧૫ : હાઈકોર્ટમાં તરત અરજી કરવામાં આવ્યા બાદ અરજન્ટ સુનાવણીમાં સલમાનને બે દિવસ માટે વચગાળાના જામીન મળ્યા

## પ્રેમ રતન ધન પાયોનું શૂટિંગ રોકાય તેવી શક્યતા

# સલમાન પર કરોડો રૂપિયા દાવ પર હોવાથી હાલ ચિંતા



મુંબઈ,તા. ૬

બોલિવુડ સુપરસ્ટાર સલમાન ખાન પર હાલ જંગી નાણાં લાગેલા છે. જેથી નિર્માતા નિર્દેશકો પણ પરેશાન છે. પ્રાથમિક અંદાજ મુજબ તેના પર ૧૦૦૦ કરોડનો દાવ છે. જ્યારે ૨૦૦ કરોડ હાલની ફિલ્મો પર લાગેલા છે. તેની બે ફિલ્મો સરજ બડજાતિયાની પ્રેમ રતન ધન પાયો અને બજરંગી ભાઈજાનના ભાવિને લઈને પણ સસ્પેન્સની સ્થિતી રહેલી છે. જો કે જાણકાર લોકોનુ કહેવુ છે કે સલમાનના ચુકાદાને લઈને તમામ લોકો પહેલાથી વાકેફ હતા જેથી તેના હિસ્સાના શુટિંગને ઝડપથી પૂર્ણ કરવામાં આવ્યું છે. કાશ્મીરમાં બજરંગી બાઈજાનનુ શુટિંગ ચાલી રહ્યું હતુ. સલમાનના ચાહકોમાં પણ નિરાશા દેખાઈ રહી છે. પ્રાથમિક અંદાજ મુજબ સલમાન ઉપર હજારો કરોડનો દાવ લાગેલો છે. સલમાન ખાન હાલમાં સૌથી વ્યસ્ત કલાકારો પૈકીનો એક છે. યુવા પેઢીમાં તેની અભૂતપૂર્વ બોલબાલા દેખાઈ રહી છે. તેના નામ ઉપર ફિલ્મો હિટ થઈ રહી છે. બોલીવુડના સૌથી મોટા સ્ટાર તરીકેની ગણતરી કરવામાં આવે છે. એક અંદાજ મુજબ ૧૦૦૦ કરોડનો દાવ તેના ઉપર લાગેલો છે. બે ફિલ્મો પ્રેમ રતન ધન પાયો અને બજરંગી ભાઈજાનના શૂટિંગ પરિપૂર્ણ થવા આયા છે. નિર્માતા નિર્દેશકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

તમામ નિર્માતા નિર્દેશકો હાલમાં સલમાનની લોકપ્રિયતાનો લાભ લેવા માટે સજ્જ બનેલા છે. સલમાનો એક પછી એક બોલીવુડની હિટ ફિલ્મો કરી છે. બીવી હો તે ઐસી ફિલ્મ સાથે સલમાને પોતાના કેરિયરની શરૂઆત કરી હતી પરંતુ અભિનેતા તરીકે તેની પ્રથમ ફિલ્મ મેને પ્યાર કિયા ૧૯૮૯માં રજૂ થઈ હતી. આ ફિલ્મને રેકોર્ડ સફળતા મળી હતી. ત્યારબાદ તમામ હિટ ફિલ્મો આપી છે. સલમાન પાસે હાલમાં સુલ્તાન, પાર્ટનર-૨, નો એન્ટ્રી મે એન્ટ્રી, દબંગ-૩ સહિતની ફિલ્મો પણ છે.

## અપરાધી જાહેર થયા બાદ સલમાન ખાન પણ રડ્યો

મુંબઈ,તા. ૬

બોલિવુડના સ્ટાર અભિનેતા સલમાન ખાનનેદોષિત ઠેરવવામાંઆવ્યા બાદ તે પોતે પણ રડી પડ્યો હતો. પરિવારના સભ્યો ભારે નિરાશ દેખાયા હતા. સલમાનના ભાઈ સોહેલ અને અરબાજ ખાન પણ હતાશ દેખાયા હતા. સલમાન ચુકાદા પહેલા સ્વસ્થ દેખાયો હતો. પરંતુ તે ત્યારબાદ નિરાશ દેખાયો હતો. મોડેથી કોર્ટ રૂમમાં દલીલોની સુનાવણી સજાને લઈને કરવામાંઆવી હતી. જોકે, સાત કલાકના મુશ્કેલ તબક્કા બાદ અંતે જામીન મળતા પરિવારને રાહત થઈ હતી. તેની તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ રહી છે. જજે તમામ આરોપોમાં સલમાનને દોષિત ઠેરવ્યા હતા. જેમાં શરાબના નશામાં ડ્રાઈવિંગ કરવાની બાબતનો સમાવેશ થાય છે.

### સલમાન ખાન પ્રોફાઇલ...

| | | |
|---|---|---|
| નામ | : | અબ્દુલ રસીદ સલીમ સલમાન ખાન |
| જન્મ તારીખ | : | ૨૭મી ડિસેમ્બર ૧૯૬૫ |
| હાલની વય | : | ૪૯ |
| જન્મ સ્થળ | : | ઈંદોર, મધ્ય પ્રદેશ |
| નિવાસ સ્થાન | : | બાંદ્રા, મુંબઈ |
| પ્રોફેશન | : | ફિલ્મ અભિનેતા, મોડલ |
| સક્રિય વર્ષો | : | ૧૯૮૮ |
| ધર્મ | : | ઈસ્લામ |
| માતા-પિતા | : | સલીમ ખાન, સુશીલા ચારક |
| સંબંધિ | : | અરબાઝ ખાન (ભાઈ) શોહીલ ખાન (ભાઈ) મલિકા અરોરા ખાન (ભાભી) |
| શિક્ષણ | : | સિંધીયા હાઈસ્કુલ, ગ્વાલિયર, સેન્ટ સ્ટેનલસ હાઈસ્કુલ, મુંબઈ |
| ફિલ્મમાં એન્ટ્રી | : | બીવી હો તો ઐસી |
| મેન્ટર તરીકેની ભૂમિકા | : | અર્જુન કપૂર, આદિત્ય રોય કપૂર, કેટરીના કૈફ, ડેઝી શાહ |
| મોટી ફિલ્મો | : | કરણ અર્જુન, જીત, પ્યાર કિયા તો ડરના ક્યા, કુછ કુછ હોતા હૈ, બીવી નંબર વન, હમ દિલ દે ચુકે સનમ, તેરેનામ, બાંગબા, નો એન્ટ્રી, દબંગ, બોડીગાર્ડ, વોન્ટેડ, દબંગ-૨, મેને પ્યાર કિયા, કિક |
| ટેલિવિઝન શો | : | દસ કા દમ, બિગ બોસ |
| સંસ્થા | : | ડિંગ હ્યુમન |

## શાહરૂખની સલમાનની સાથે દોઢ કલાક સુધી લાંબી ચર્ચા

મુંબઈ,તા. ૬

હિટ એન્ડ રન કેસમાં ચુકાદો જાહેર કરવામાં આવે તે પહેલા બોલિવુડના સુપર સ્ટાર સલમાન ખાન સાથે



આજે તમામ ટોચના લોકોએ વાત કરી હતી. જેમાં કિંગ શાહરૂખખાનનો સમાવેશ થાય છે. શાહરૂખ ખાન સાથે સલમાનની આશરે દોઢ કલાક સુધી વાતચીત થઈ હતી. કેસના ચુકાદાના દિવસે કોર્ટમાં ઉપસ્થિત થવા માટે સલમાન ગઈકાલે રાત્રે કાશ્મીરમાંથી મુંબઈ પહોંચ્યો હતો. કાશ્મીરમાં કબીરખાનની ફિલ્મ બજરંગી ભાઈજાનના શુટિંગમાં તે વ્યસ્ત હતો. પ્રાપ્ત અહેવાલ મુજબ બાન્દ્રા સ્થિત સલમાનના આવાસ પર ગઈકાલે રાત્રે સમગ્ર પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. જેમાં તેના ભાઈ સોહેલ ખાન, અરબાજ ખાન અને બહેન અર્પિતાનો સમાવેશ થાય છે. માતા સલમા પણ હાજર રહ્યા હતા. છેલ્લા કેટલાક વર્ષોમાં બોલિવુડના સૌથી મોટા સ્ટાર તરીકે સલમાનને ગણવામાં આવે છે. તેની તમામ ફિલ્મો બોકસ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી રહી છે. તેના નામ પરથી ફિલ્મો સુપર હિટ થઈ રહી છે.સલમાનની આવનારી ફિલ્મોમાં પ્રેમ રતન ધન પાયો અને ભાઈજાનનો સમાવેશ થાય છે. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે સલમાનની ગાડીની ટક્કરથી એકનું મોત થયું હતું. આમા અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. ચુકાદાને લઈને બોલિવુડ પણ ચિંતાતુર છે. સલમાન આ મામલે થોડાક દિવસ સુધી જેલમાં રહી ચુક્યો છે.

સલમાનને લઈને તમામ ચાહકોમાં પણ ચિંતા દેખાઈ રહી છે. સલમાન ખાનના પરિવારના તમામ સભ્યોને સાત કલાક સુધી સતત ટેન્શનમાં રહ્યા બાદ અંતે બે દિવસના જામીન મળતા મોટી રાહત થઈ હતી. દિવસ દરમિયાન જોરદાર કાયદાકીય બાબતોનો ઘટનાક્રમ જોવા મળ્યો હતો. સલમાન ખાન કોર્ટમાં પહોંચ્યો ત્યારબાદ સલમાનના આવાસ પર બોલીવુડના કલાકારો પહોંચવા લાગ્યા હતા. તમામ લોકોએ સલમાનને ટેકો આપ્યો હતો. સલમાન પ્રત્યે ટેકાની વાત કરી હતી. પ્રિટી ઝિન્ટા, હેમામાલિની, સોનાક્ષી સિંહા સહિતની તમામ હસ્તીઓ પહોંચી હતી.

# જીએસટી બંધારણીય સુધારા બિલ લોકસભામાં આખરે પસાર

નવીદિલ્હી,તા. ૬

સમગ્ર દેશમાં ચીજવસ્તુ સર્વિસ ટેક્સ વ્યવસ્થા લાગૂ કરવાની જોગવાઈ ધરાવનાર જીએસટી બંધારણીય સુધારા બિલનો લોકસભામાં આજે પાસ કરી દેવામાં આવ્યું હતું. લોકસભામાં આ બિલ પસાર થઈ ગયા બાદ સરકાર માટે નવી આશા જાગી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જીએસટી બિલને મંગળવારના દિવસે ચર્ચા માટે લોકસભામાં લાવવામાં આવ્યું હતું. નાણામંત્રી અરુણ જેટલીએ તમામ પક્ષોને પક્ષપાતી ભાવનાથી ઉપર ઉઠીને આને સમર્થન આપવા માટે અપીલ કરી હતી. અલબત્ત રાજયસભામાં જીએસટી બંધારણીય સુધારા બિલને લઈને અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા છે. લોકસભામાં આજે જીએસટી બંધારણીય સુધારા બિલની તરફેણમાં ૩૫૨ મત પડ્યા હતા જ્યારે વિરોધ ૩૭ મત પડ્યા હતા. ૧૦ સભ્યો મત વિભાજનથી ગેરહાજર રહ્યા હતા. બીજી બાજુ ભાજપે પોતાના તમામ સાંસદોને વ્હીપ જારી કરીને લોકસભામાં આ બિલના બંધારણી સુધારા બિલ દરમિયાન ઉપસ્થિત રહેવા માટે કહ્યું હતું કે, લોકસભામાં સરકારને આ બિલને પસાર કરવાની કોઈ તકલીફ ન હતી. કારણ કે ભાજપ અને તેના સાથી પક્ષોની સાથે સાથે તૃણમુલ કોંગ્રેસનું સમર્થન મળવાની પણ વાત કરવામાં આવી હતી. અલબત્ત રાજયસભામાં સંખ્યાબળ નહીં હોવાના કારણે અનિશ્ચિતતાની સ્થિતિ બનેલી છે. સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુએ પહેલાથી જ સાથી પક્ષોના નેતાઓ સાથે વાતચીત કરી હતી અને ગૃહમાં તમામ સભ્યો ઉપસ્થિત રહે તેવી રજૂઆત કરી હતી. રાજ્યસભામાં કોંગ્રેસના નાયબ નેતા આનંદ શર્માએ કહ્યું હતું કે, તેઓ જીએસટી વ્યવસ્થાનું સમર્થન કરે છે પરંતુ વર્તમાન બિલમાં ચકાસણીની જરૂર છે. આ બિલને સ્થાયી સમિતિને મોકલવાની વાત કરવામાં આવી હતી. ચીજવસ્તુ અને સર્વિસ ટેક્સ બિલને સંસદની સ્થાયી સમિતિને મોકલવાની વિપક્ષની માંગને ફગાવી દઈને અધ્યક્ષ દ્વારા ગઈકાલે જ તેના ઉપર ચર્ચા શરૂ કરવામાં આવી હતી.

મંગળવારે લોકસભામાં આના ઉપર ચર્ચા શરૂ થઈ હતી. આ બિલને લઈને ગૃહમાં આશરે અડધા કલાક સુધી આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર ચાલ્યો હતો. વિપક્ષે આક્ષેપ કરીને કહ્યું હતું કે, આ બિલને સ્થાયી સમિતિને મોકલવાની જરૂર હતી. આ નવું બિલ છે. કોંગ્રેસ, બીજુ જનતાદળ, અન્નાદ્રમુક, અન્ય પક્ષના સભ્યોએ જોરદાર રજૂઆત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, જીએસટી લાંબા ગાળે કિંમતોમાં ઘટાડો કરશે. સાથે સાથે આર્થિક વિકાસને મદદરુપ થશે. જેટલીએ કહ્યું હતુ કે, જીએસટી અમલી બન્યા બાદ કોઈ રાજ્યને મહેસુલી નુકસાન થાય તેમ અમે ઈચ્છતા નથી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો ઉંચી ચીજવસ્તુ અને સર્વિસ ટેક્સ લાગૂ કરવા ઈચ્છુક નથી. લોકોને નુકસાન પહોંચાડવામાં આવશે નહીં. સરકારી થીંકટેન્ક માને છે કે, જીએસટી રેટ ૨૭ ટકા રહેશે. સૂચિત રેટના સંદર્ભમાં ચર્ચા ચાલી રહી છે.



## મહિલા પેનલ સામે કુમાર વિશ્વાસ હાજર નહીં થયા

નવીદિલ્હી,તા. ૬

આમ આદમી પાર્ટીના નેતા કુમાર વિશ્વાસ મહિલા કાર્યકર દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે દિલ્હી મહિલા પંચ સમક્ષ ઉપસ્થિત થયા ન હતા. પત્રકારો સાથે વાતચીત કરતા મોડેથી દિલ્હી મહિલા પંચના ચેરમેન બરખા શુક્લાએ કહ્યું હતું કે, નવેસરથી સમન્સ જારી કરવામાં આવ્યું હોવા છતાં કુમાર વિશ્વાસ ઉપસ્થિત થયા નથી. ફરિયાદી અને તેમના પતિ પહોંચ્યા છે. સિંહે કહ્યું હતું કે, એએપી ખોટું બોલનાર લોકોની પાર્ટી બની ગઈ છે. મહિલાઓને લઈને પણ તેમને ચિંતા નથી. જ્યારે ફરિયાદીના પતિએ કહ્યું હતું કે, એએપીના નેતા અને તેમના પત્નિ ડીસીડબલ્યુ સમક્ષ ઉપસ્થિત થાય તેમ તેઓ ઈચ્છે છે. તેમના પત્નિ ઉપર તેમને વિશ્વાસ છે પરંતુ સગાસંબંધીઓ ઉપર શંકા છે. અગાઉ સવારમાં બરખા સિંહે હાઈવોલ્ટેજ ડ્રામા તરીકે પત્રકાર પરિષદને ગણાવી હતી. આમ આદમી પાર્ટીના નેતા પણ હાલમાં નાટકો કરી રહ્યા છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ઉપર આક્ષેપ કરતા તેમણે કહ્યું હતું કે, દિલ્હીના મુખ્યમંત્રી તેમના ઈરાદામાં ક્યારેય સફળ થશે નહીં. કુમાર વિશ્વાસ ખોટા વ્યક્તિ તરીકે છે. મહિલાના પરિવારને બચાવવા પણ તેઓ આગળ આવી રહ્યા નથી.

# સરકારે એક વર્ષમાં કોઈ નક્કર પગલા લીધા જ નથી : સોનિયા

નવીદિલ્હી,તા. ૬

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજેવિદેશી ધરતી ઉપર પૂર્વસરકારોની જોરદાર ટિકા ટિપ્પણી અને નિંદા કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોરદાર ઝાટકણી કાઢી હતી. ખેડૂતોના મુદ્દાને લઈને રાહુલ ગાંધી દ્વારા હાલમાં જ સરકાર પર પ્રહારો કરાયા બાદ સોનિયા ગાંધીએઆજેમોદી સરકાર પર જોરદાર પ્રહારો કર્યા હતા. સોનિયા ગાંધીએ સરકાર પર સંસદમાં જિદ્દી વલણ અપનાવવાનો આક્ષેપ કર્યો હતો. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, મોદી સરકાર અહંકારી વલણ અપનાવી રહી છે. વડાપ્રધાન ઉપર સત્તાના વિકેન્દ્રીકરણના મોદી ઉપર આક્ષેપ કરતા કહ્યું હતુંકે, સરકાર એક વ્યક્તિની તથા કેટલાક પસંદગીના લોકો માટે બની ગઈ છે. સરકારના એક વર્ષ પૂર્ણ થવા ઉપર તેની પાસે દર્શાવવા માટે કોઈપણ સારા કામ નથી. કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા નથી. મૂડીરોકાણ ઘટ્યું છે. નિકાસમાં ઘટાડો થઈ રહ્યો છે. લોકસભામાં સોનિયા ગાંધીએ મોદી સરકાર ઉપર પ્રશ્નો કરતા કહ્યું હતું કે, સીવીસી અને લોકપાલના હોદ્દા ખાલી રહેલા છે. યુપીએ સરકારના સમયે સીઆઈસીના હોદ્દા ક્યારે પણ ખાલી રહ્યા નથી. મોદીને પોતાના શબ્દો ઉપર કાયમ રહેવા માટે સોનિયા ગાંધીએ અપીલ કરી હતી. સોનિયા ગાંધીએ કહ્યું હતુંકે, ભ્રષ્ટાચારની સામે લડવામાં મોદી સરકાર ફ્લોપ રહી છે. આરટીઆઈના સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, આ કાયદા હેઠળ માહિતી આપવામાં વિલંબની સ્થિતિ છે. યુપીએ સરકારે લોકોના હાથમાં આરટીઆઈની જોગવાઈ આપી હતી જેનાથી લોકો પોતાને મજબૂતી સાથે અનુભવ કરી રહ્યા હતા પરંતુ વર્તમાનની એનડીએ સરકાર લોકોના હાથમાં રહેલા આ હથિયારને આંચકી લેવા ઈચ્છુક છે. સોનિયા ગાંધીએ સરકાર ઉપર સંસદમાં જિદ્દી વલણ અપનાવવાનો આક્ષેપ કરતા કહ્યું હતું કે, લોકસભામાં કાર્યમોકૂફીની દરખાસ્ત લાવવાની વાત કરાઈ હતી જેને પણ ફગાવી દેવાઈ હતી.

## ડોન દાઉદ અંગે વધુ માહિતી આપવા ગુલામ નબીની માંગ

નવીદિલ્હી,તા. ૬

રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુમાલ નબી આઝાદે આજે ગૃહમંત્રી રાજનાથસિંહ પાસેથી સ્પષ્ટીકરણની માંગણી કરી હતી. અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ ક્યા છે તે અંગે માહિતીની માંગ કરી હતી. ગૃહરાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ લોકસભામાં લેખિત પ્રશ્નના જવાબમાં ગઈકાલે જ કહ્યું હતું કે, દાઉદ ક્યા છે તે અંગે કોઈપણ માહિતી નથી. તે ક્યા છે તે અંગેની માહિતી મળ્યા બાદ જ પ્રત્યાર્પણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જ્યારે તેમના સાથી પ્રધાન કિરેન રિજુજુએ મોડેથી સંસદની બહાર કહ્યું હતું કે તે પાકિસ્તાનમાં હોઈ શકે છે. કેન્દ્ર સરકાર ખુબ જ ગંભીરતા પૂર્વક આ કેસને આગળ વધારી રહી છે. આજે ઉપલા ગૃહમાં આ મુદ્દો ઉઠાવતા આઝાદે કહ્યું હતું કે, ભારતમાં તમામ સરકારો કહેતી રહી છે કે દાઉદ પાકિસ્તાનમાં છે. ચૌધરીના નિવેદનથી ભારતની ઈમેજને ફટકો પડ્યો છે. પાકિસ્તાનમાં દાઉદ ઈબ્રાહિમ છે અને તે ચૂંટણી દરમિયાન મુદ્દો ઉઠી ચુક્યો છે. હવે સરકાર એમ કહી રહી છે કે દાઉદ ક્યા છે તે અંગે તેની પાસે માહિતી નથી. સ્પષ્ટીકરણ માટે માંગને અન્ય સભ્યોએ પણ ટેકો આપ્યો હતો. ત્યારબાદ સંસદીય બાબતોના પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, આ મુદ્દે ગૃહમંત્રી નિવેદન કરશે. ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટ કેસના સંદર્ભમાં દાઉદ મુખ્ય અપરાધી તરીકે છે. તેના સંદર્ભમાં ઘણા બધા પુરાવા ભારત સરકારે આપ્યા છે.

## ચીનના પ્રવાસથી આર્થિક સહકાર વધશે : વડાપ્રધાન

નવીદિલ્હી,તા. ૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, તેમની ચીનની આગામી યાત્રાથી નવી દિલ્હી અને બેજિંગ વચ્ચે દ્વિપક્ષીય આર્થિક સહકારને વધારવામાં મદદ મળશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, દ્વિપક્ષીય સંબંધો માટે નવી આધારશીલા મુકાશે. પોતાના અભિપ્રાય વ્યક્ત કરવા માટે ટ્વિટરનો ઉપયોગ કર્યો છે. ટ્વિટર ઉપર પોતાના નિવેદનમાં મોદીએ કહ્યું છેકે, તેઓ ચીનની યાત્રાને લઈને ખુબ આશાવાદી છે. ૧૪-૧૬મી મે દરમિયાન આ યાત્રા આગળ વધનાર છે. બે સૌથી મોટા વિકાસશીલ દેશોના નાગરિકો પણ આશાવાદી બનેલા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ચીન સાથે આર્થિક સહકારને વધુ મજબૂત કરવામાં આવનાર છે. વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે, મધ્ય ચીનમાં તેઓ શાંઘાઈ પણ જનાર છે. ચીની પ્રમુખ જિંગપિન ભારતની ઐતિહાસિક યાત્રા કરી ચુક્યા છે. શાંઘાઈમાં ટોચના ઉદ્યોગપતિઓ સાથે પણ મોદી વાતચીત કરવાને લઈને આશાવાદી છે. ચીની ભાષામાં પોતાનો સંદેશ પણ મોદીએ રજૂ કર્યો છે. ૭ દિવસની તેમની યાત્રાના પ્રથમ તબક્કામાં તેઓ ચીન પહોંચશે. ત્રણ દેશોના પ્રવાસ ઉપર મોદી રવાના થનાર છે જેમાં મોંગોલિયા અને દક્ષિણ કોરિયાનો સમાવેશ થાય છે.

## નેપાળી સેના અને પોલીસે જવાબદારી સંભાળી લીધી

કાઠમાન્ડુ,તા. ૬

નેપાળમાં ૨૫મી એપ્રિલના દિવસે આવેલા ૭.૮ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપ બાદ હવે વિદેશી ટીમો પરત ફર્યા બાદ નેપાળી સેના અને પોલીસ જવાનોએ રાહત ઓપરેશનની જવાબદારી સંભાળી લીધી છે. વિનાશકારી ભૂકંપ બાદ વિસ્થાપિત થયેલા લોકોના પુનવસવાટ માટેની જવાબદારી વિદેશી બચાવ ટુકડીઓ પાસેથી નેપાળી સેના અને પોલીસે લઈ લીધી છે. ભૂકંપમાં મોતનો આંકડો વધીને ૪૧ ભારતીય સહિત ૭૫૫૭ સુધી પહોંચી ગયો છે. ધારણા અને દહેશત મુજબ આંકડો હજુ ખુબ વધી શકે છે. નેપાળ સરકારે હવે સમગ્ર ધ્યાન બચાવ કામગીરી કરતા રાહત કામગીરી પર કેન્દ્રિત કર્યું છે. ૭.૮ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપ બાદ હજુ પણ આંચકા આવી રહ્યા છે જેથી લોકોમાં દહેશત અકબંધ રહી છે. નેપાળમાં હાલમાં ૫.૨ તીવ્રતાનો આંચકો આવ્યો હતો. દરમિયાન ટેન્ટ, તાડપત્રી અને બ્લેન્કેટ અને ડ્રાય રાશન સહિત ૧૭૦ ટન સામગ્રી નેપાળમાં હજુ સુધી પહોંચાડવામાં આવી છે. ગયા સપ્તાહમાં ૨૫મી એપ્રિલના દિવસે ભૂકંપ આવ્યાને સપ્તાહથી વધુ સમય હવે થઈ ગયો હોવા છતાં મૃતદેહો હાથ લાગી રહ્યા છે. ભૂકંપ બાદ હજુ પણ હજારો લોકો લાપતા થયેલા છે. ઘાયલ લોકોની સંખ્યા ૧૪૦૦૦થી ઉપર પહોંચી ગઈ છે. ભૂકંપના કારણે નેપાળમાં ૩૦ લાખ લોકો અસરગ્રસ્ત થયા છે. વિશ્વના ૩૪થી વધુ દેશો બચાવ કામમાં લાગેલા હતા.અનેક કાટમાળમાં ફેરવાઈ ગયેલી ઈમારતો સુધી બચાવ અને રાહત ટુકડી પહોંચી શકી નથી. કાટમાળ હેઠળ મોટી સંખ્યામાં લોકો હોઈ શકે છે. છેલ્લા ૮૦ વર્ષના સૌથી વિનાશકારી ભૂકંપ બાદ લોકોમાં વ્યાપક ફફડાટ ફેલાયેલો છે. ૨૫મી એપ્રિલના દિવસે આવેલા ભૂકંપનુ કેન્દ્ર કાઠમાન્ડુથી ઉત્તરપશ્ચિમમાં આશરે ૮૦ કિલોમીટરના અંતરે સ્થિત લામજુગમાં હતુ.

નેપાળમાં ૭.૮ની તીવ્રતાના ભૂકંપ બાદ હજુ સુધી ૪.૫થી વધુ તીવ્રતા સાથેના ઓછામાં ઓછા ૧૨૦ આંચકા આવી ચુક્યા છે. નેપાળના ઈતિહાસમાં આ ભૂકંપને સૌથી વિનાશકારી ભૂકંપ તરીકે ગણવામાં આવે છે. નેપાળમાં દૂરસંચાર અને વિજળી સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે. જેને ફરી શરૂ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. નેપાળમાં સ્થિતીને સામાન્ય બનાવવામાં હજુ પણ ખુબ સમય લાગી શકે છે. કારણ કે કાટમાળને ખસેડી લેવામાં પણ હજુ સમય લાગી શકે છે.

## કાશ્મીર પંડિત માટે અલગ ટાઉનશીપ બનાવાશે નહીં

નવીદિલ્હી,તા. ૬

મોદી સરકારે આજે ખાતરી આપી હતી કે, જમ્મુ કાશ્મીરમાં કાશ્મીરી પંડિતો માટે અલગ ઝોનની રચના કરવાની કોઈ દરખાસ્ત રહેલી નથી. આ જાહેરાતને સારો પ્રતિસાદ મળ્યો નથી. કેટલાક લોકોએ આની સામે વાંધો ઉઠાવ્યો છે. કારણ કે કાશ્મીરી પંડિતો અને કેટલાક હિન્દુ સંગઠનો કાશ્મીરી પંડિતો માટે અલગ ટાઉનશીપની માંગ હાલમાં કરી રહ્યા હતા. રાજ્યમાં રાજકીય પક્ષો પણ જુદા જુદા અભિપ્રાય ધરાવતા હતા. જો કે, અલગતાવાદીઓએ સરકારની યોજનાનો વિરોધ કર્યો છે અને કહ્યું છે કે, આ હિલચાલ રાજ્યના સામાજિક માળખાને બદલી કાઢશે. રાજ્યપ્રધાન હરિભાઈ ચૌધરીએ માહિતી આપતા કહ્યું હતું કે, અલગતાવાદીઓ દ્વારા કરવામાં આવેલી માંગના કારણે આ નિર્ણય કરાયો નથી. અલગતાવાદીઓ હાલમાં સરકારની કહેવાતી યોજના સામે વિરોધ કરી રહ્યા હતા. છેલ્લા કેટલાક દિવસે અલગ ટાઉનશીપની માંગ તીવ્ર બની રહી હતી.